ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી** Date : 29th June, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................,

ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા
## NATIONAL STATISTICS DAY ની કરાયેલી ઉજવણી.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત પ્રેરિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા અને પર્યાવરણ પ્રત્યે લોક જાગૃતતા લાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

ભારતના મહાન આંકડા શાસ્ત્રી સ્વ. પ્રસંતા ચંદ્ર મહાલનોબીસ કે જેમનું આંકડા અને આર્થિક આયોજનમાં મહત્વનું યોગદાન રહેલું છે તેમની જન્મજયંતી નિમિત્તે ૨૯મી જુનને **NATIONAL STATISTICS DAY** તરીકે ઉજવવામાં આવે છે. જેની ઉજવણી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૯/૦૬/૨૦૧૭ને ગુરુવારના રોજ સવારે ૦૮:૦૦ કલાક થી ૦૯:૩૦ કલાક દરમ્યાન તક્ષશિલા વિદ્યાપીઠ, કાળીયાબીડ, ભાવનગર ખાતે કરવામાં આવી હતી.

જેમાં ડૉ. ભારતસિંહ ગોહીલ (ડીપાર્ટ. ઓફ લાઈફ સાયન્સ, એમ. કે. બી. યુની., ભાવનગર.) દ્વારા વિદ્યાર્થીઓને આંકડાશાસ્ત્ર વિષે તેમના મનમાં રહેલ ભ્રમણાને દુર કરી રોજબરોજના જીવનમાં ઉપયોગમાં લેવાતા કાર્યોને સરળ દ્રષ્ટાંતો દ્વારા સમજાવવામાં આવેલ. આ ઉપરાંત તેમણે વિદ્યાર્થીઓને સફળતા મેળવવા ઉપયોગી એવા વિવિધ મુદ્દાઓ જે આંકડાશાસ્ત્ર સાથે જોડાયેલા છે. તેની રજૂઆત અને યોગ્ય સમયના સમન્વયથી માનવ પોતાની પ્રગતી કરી શકે છે તેવું સમજાવ્યું હતું.

ઉપરોક્ત કાર્યક્રમમાં તક્ષશિલા વિદ્યાપીઠના કુલ ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન તક્ષશિલા વિદ્યાપીઠના આચાર્ય તથા શિક્ષકગણનો પુરતો સાથ સહકાર મળેલ. જે બાબતો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રીની યાદીમાં જણાવેલ છે.

G. I. Dave
(ગોપિકા દવે)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.